


## અરવલ્લીની ગીરીમાળાઓમાં સૂર્યોદયનો નયનરમ્ય નજારો

ઉનાળાની શરૂઆત થતાની સાથે સૂર્યદેવ પણ પોતાનું રૌદ્ર સ્વરૂપનો પરચો બતાવી રહ્યા છે. અરવલ્લી જીલ્લાની ગિરિમાળાઓમાંથી જ સૂર્યદેવનું સર્જન થતું હોય તેમ વહેલી સવારે ધીરે ધીરે ગિરિમાળાઓમાંથી સૂર્યોદય સમયે ડોકિયું કરતા સૂર્યદેવથી નયનરમ્ય નજારો જોવા મળે છે. પરોઢિયે શાંત વાતાવરણમાં પક્ષીઓના કલરવ અવાજ આહલાદક વાતાવરણ સર્જે છે. સુરજદાદાનું મનમોહક રૂપ જાણે આંખોને પણ જોવા મજબુર કરે તેવો નજારો સૂર્યોદય સમયે દ્રષ્ટિગોચર થાય છે.

## પાલનપુરમાં ઝઘડો કરી યુવકની કમરમાં ચપ્પું હુલાવી દીધુ

પાલનપુર ઢુંઢીયાવાડી તાજપુરા રોડ વિસ્તારમાં ચાર શખ્સોએ ઝઘડો કરીને એક યુવક ઉપર ચપ્પા વડે હૂમલો કર્યો હતો. આ અંગે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પાલનપુર ઢુંઢીયાવાડી ઓડવાસમાં રહેતા વિપુલભાઇ અમરતભાઇ ઓડ અને અન્ય ત્રણ શખ્સોએ આજ વિસ્તારમાં રહેતા સાજીદખાન હકિમખાન પઠાણ સાથે ઝઘડો કરી બિભત્સ શબ્દો ઉચ્ચાર્યા હતા. અને વિપુલ ઓડે ઉસ્કેરાઇ જઇ સાજીદખાનની કમર તેમજ હાથના ભાગે ચપ્પુ મારી ઈજાઓ પહોચાડી હતી. તેમજ અતાઉલ્લાખાન જમશેરખાન પઠાણ વચ્ચે છોડાવવા જતાં તેમના હાથ ઉપર પણ ચપ્પુ મારી ઈજાઓ પહોચાડી હતી. જેથી પોલીસ દ્વારા વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

## કોંગ્રેસે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો પરંતુ સાબરકાંઠા લોકસભા બેઠક પર ઉમેદવાર પર સસ્પેન્સનો પડદો યથાવત

લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવા માટે ૫૪ કલાકનો સમય બાકી છે તેમ છતાં સાબરકાંઠા બેઠક પર ઉમેદવારનું નામ જાહેર કરવામાં સતત વિલંબ કરતા કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોમાં પણ ધીરજ ખૂટી રહી છે. દિલ્હી દરબારમાં સતત યોજાઈ રહેલી કોંગ્રેસની સ્ક્રીનિંગ કમિટીની મિટિંગમાં પણ સાબરકાંઠા લોકસભા બેઠક પર ઉમદેવાર જાહેર નહિ કરતા સસ્પેન યથાવત જોવા મળી રહ્યું છે. સાબરકાંઠા બેઠક પર મહિલા ઉમેદવારને ટિકિટ ફાળવે તો નવાઈ નહિ..?

સાબરકાંઠા લોકસભા બેઠક પર ઉમેદવારી કરવા માંગતા ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભરી રાખી બેંકમાં ખાતા પણ ખોલવાની તજવીજ હાથ ધરી છે. મંગળવારે બપોરે ૪ વાગ્યા સુધીમાં ઉમેદવારનું નામ જાહેર થઈ જશે તેવું નિશ્ચિત મનાતું હતું ત્યારે ૫ વાગ્યા સુધી પણ નામ જાહેરના થતા લોકસભા બેઠકનો મુરતિયો કોણ હશે તે અંગે તરહ તરહની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ત્યારે કોંગ્રેસ ઉમેદવારનું નામ જાહેર કર્યા વગર ઉમેદવારને મેન્ડેડ માટે ફોન દ્વારા જણાવી શકે છે.

સાબરકાંઠા બેઠક પરથી ચૂંટણી લાડવા માંગતા ઉમેદવારોએ તેમના ગોડફાધરના શરણે પહોંચી એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. ટિકિટ મેળવવા દિલ્હી આંટાફેરા મારી આવેલા મોડાસા ના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર પરત ફરતા તાબડતોડ પ્રાંતિજના પૂર્વ ધારાસભ્ય અને એઆઈસીસીના ઉંચા કદના નેતાના છુપા આશીર્વાદ મેળવનાર મહેન્દ્રસિંહ બારૈયા પણ દિલ્હી પહોંચી ટિકિટ મેળવવા ધામા નાખ્યા છે. ત્યારે કોંગ્રેસ માટે ઉમેદવારની પસંદગી ગળામાં હાડકું ભરાયું હોય તેવી સ્થિતિનું નિર્માણ થતા બરોબરનું કોકડું ગુંચવાયું છે.

સાબરકાંઠા બેઠક એઆઈસીસીના કદાવર નેતાએ તેના હઠાગ્રહ અને નાકનો સવાલ બનાવતા કોંગ્રેસ માટે ભારે અસમંજસની સ્થિતિ સર્જાઈ છે. આ નેતાએ થોડા મહિના અગાઉ સાબરકાંઠા જીલ્લાના એક અગ્રણીને ટિકિટ અપાવવાનો વાયદો કર્યા પછી બીજેપીએ વર્તમાન સાંસદ દીપસિંહ રાઠોડને રિપીટ કરતા કોંગ્રેસના કદાવર નેતાએ આપેલ ટિકિટના દાવેદાર જાતિગત સમીકરણમાં ફિટના બેસતા નેતાએ અન્ય એક પૂર્વ ધારાસભ્યના સમર્થનમાં આવતા કોંગ્રેસ માટે મૂંઝવણભરી સ્થિતિ પેદા થઈ છે.

### મોડાસાના સૈયદ યુવક સાળાના લગ્ન પ્રસંગમાં પહોંચે તે પહેલા

## પ્રાંતિજ-તાજપુર કુઇ નજીક બાઈકને અકસ્માત નડતા મોત

મોડાસા, તા. ૨

હિંમતનગર-અમદાવાદ હાઈવે પર સોમવારે સાંજના સુમારે પ્રાંતિજના તાજપુર કુઈ ચોકડી નજીક ઈકો કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા બાઈક સવાર બંને યુવકો રોડ પર પટકાતા સારવાર અર્થે દવાખાને ખસેડાતા મકસુદઅલી સૈયદ નામના યુવકનું સારવાર દરમિયાન મોત નીપજયું હતું. મોડાસાથી સાળાના લગ્ન પ્રસંગમાં હાજરી આપે તે પહેલા અકસ્માતમાં આશાસ્પદ યુવકનું મોત નિપજતા લગ્ન પ્રસંગ માતમમાં ફેરવાયો હતો. અકસ્માતના પગલે યુવકના પરિવારજનો અને સસુરાલવાળા દવાખાને પહોંચી આક્રંદ કરી મુકતા વાતવરણમાં ગમગીની છવાઈ હતી.




મોડાસાના કોટ વિસ્તારમાં રહેતા મકસુદઅલી સૈયદ (ઉં.વ.આ-૩૨) અને ઈલિયાસહુસેન સૈયદ મોડાસાથી બાઈક પર તેમના સાળાના લગ્નપ્રસંગમાં જવા નીકળ્યા હતા. ઓરણ ગામ તરફથી તાજપુર કુઈ ચોકડી નજીકથી રોડ ક્રોસ કરતા સમયે હિંમતનગરથી પુરઝડપે પસાર થતી ઈકો કારના ચાલકે બાઈક સાથે ધડાકાભેર ટક્કર મારતા બાઈક સવાર બંને યુવકો ત્રણ ફૂટ ઉછળી રોડના ડિવાઈડર પર પટકાતા માથાના ભાગે બંને યુવકોને ગંભીર ઈજાઓ થતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ અને હાઈવે ઑથોરિટી દ્વારા તાબડતોડ બંને યુવકોને સારવાર અર્થે પ્રાંતિજ ખસેડાતા વધુ સારવાર અર્થે હિંમતનગર ખસેડાયા હતા. તબીબોની સારવાર કારગત નીવડે તે પહેલા મકસુદઅલી સૈયદનું મોત નિપજતા અરેરાટી વ્યાપી હતી. અકસમાતના પગલે પહોંચેલા પરિવારજનોએ રોકોક્કળ કરી મુકતા વાતાવરણમાં શોકની લાગણી પ્રસરી હતી. પ્રાંતિજ પોલીસે ઈકો કાર ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસાથી સાળાના લગ્ન પ્રસંગે હાજરી આપવા નીકળેલ યુવકોની બાઈકને અકસ્માત નડતા અને યુવકનું મોત નિપજતા લગ્નની ખુશીનો પ્રસંગ માતમમાં ફેરવાયો હતો. મોડાસાના લઘુમતી સમાજમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

## કાંકરેજ તાલુકાની શિહોરી કોર્ટે ચેક રીટર્ન કેસમાં એક વર્ષની સજા ફટકારી

કાંકરેજ, તા. ૨

કાંકરેજ તાલુકાની શિહોરી કોર્ટમાં ફરીયાદી રમેશભાઈ અજાભાઈ પટેલ રહે ખસાવાળાએ આરોપી દિનેશભાઈ જીવણભાઈ પટેલ રહે સોખડા, તા. વિજાપુરવાળાને કપાસનુ બિયારણ કિંમત રૂ. ૩,૧૭,૫૦૦ બાકીમાં આપેલ જેના વળતર પેટે આરોપીએ ચેક આપ્યો હતો. જે ચેક રીર્ટન થતાં ફરીયાદીએ શિહોરી કોર્ટમાં ક્રી. કેસ.નં ૮૮૦/૦૭થી ફરીયાદ દાખલ કરેલ હતી. આ ઉપરાંત રમેશભાઈ દુદાભાઈ રહે જાખેલવાળાએ ઉપર દર્શાવેલ આરોપી દિનેશભાઈ જીવણભાઈ પટેલને બિયારણ રૂ. ૪,૭૦,૦૦૦નુ બાકીમાં આપેલુ હતુ. જેના વળતર પેટે આરોપીએ ચેક આપેલો જે ચેક રીર્ટન થતાં ફરીયાદીએ ક્રી. કેસ.૮૮૧/૦૭ ફરીયાદ દાખલ કરાવેલ હતી. આ બંને કેસની સુનાવણી શિહોરી કોર્ટમાં ચાલતાં ફરીયાદીના વકીલો જે.એસ. પટેલ તથા આર.કે. મનસુરીની ધારદાર દલીલોને દયાને રાખી શિહોરી જ્યુ.મેજી. ડી.જી. વાઘેલાએ આરોપીને એક વર્ષની સજા તથા ૫,૦૦૦નો દંડ અને જો દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સજા ફટકારી તેમજ ફરીયાદીઓને ચેક મુજબની રકમ ચુકવવી અને જો ના ચુકવે તો વધુ ત્રણ માસની સજા ફટકારવાનો હુકમ કર્યો હતો.

## મોડાસા નાગરિક સહકારી બેંકની શ્રેષ્ઠ કામગીરી, બેંકના નફામાં ઉત્તરોત્તર વધારો

મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આવેલી ધી નાગરિક સહકારી બેંક ઉત્તર ગુજરાતમાં સહકારી બેંકોમાં વહીવટી કામગીરીમાં મોખરાનું સ્થાન ધરાવે છે. મોડાસા શહેરના વેપારીઓ, ધંધાર્થીઓ અને પ્રજાજનોના વિશ્વાસના પ્રતીક સમાન અને રાષ્ટ્રીયકૃત અને ખાનગી બેંકોને સતત હંફાવી રહી છે. દેશની વિવિધ બેંકો લોન કૌભાંડના પગલે નાદારીની સ્થિતિનો ખતરો મંડાઈ રહ્યો છે અને મંદીના માહોલમાં મોડાસા શહેરની ધી નાગરિક સહકારી બેંકના ચેરમેન કમલેશ પટેલ, પૂર્વ ચેરમેન વિનોદ શાહ, બોર્ડ ડિરેક્ટરો તથા બેંકની શ્રેષ્ઠ કામગીરીના પગલે બેંકનો નફો યથાવત રહેવાની સાથે ઓવર ડ્યુ અને એનપીએમાં નોંધપાત્ર ઘટાડો થતા બેંકના



ગ્રાહકોએ અને અગ્રણીઓ સહીત નગરજનોએ અભિનંદન પાઠવ્યા હતા.

ધી મોડાસા નાગરિક સહકારી બેંકના ચેરમેન કમલેશભાઈ પટેલના જણાવ્યા અનુસાર બેંકનો નફો ૨.૧૭ કરોડ થવાની સાથે ઓવર ડ્યુ રકમમાં પણ ઘટાડો થવાની સાથે બેંકનું એનપીએમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો હોવાનું જણાવી બોર્ડ ઓફ ડિરેક્ટરો, બ્રાન્ચ મેનેજર મંગેશ શેઠ, ખડાયતા શાખા બ્રાન્ચ અને ગણેશપુર શાખા બ્રાન્ચના મેનેજર અને ત્રણે બ્રાન્ચના કર્મચારીઓને બેંકની પ્રગતિનો શ્રેય આપવાની સાથે સભાસદોનો આભાર વ્યક્ત કરી બેંકના ગ્રાહકોને સતત મદદરૂપ થવાની તત્પરતા દાખવવાની સાથે બેંક વધુ પ્રગતિના સોપાન સર કરે અને સભાસદો અને ગ્રાહકોનો વિશ્વાસ વધુ મજબૂત બેને તેમાટે સતત પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું હતું.

## મોડાસાની જીવનદીપ મંદબુદ્ધિ શાળામાં “વર્લ્ડ ઓટિઝમ ડે”ની ઉજવણી

મોડાસા, તા. ૨

સમગ્ર વિશ્વમાં ૨ એપ્રિલ વર્લ્ડ ઓટિઝમ ડે ની ઉજવણી કરવામાં આવે છે. અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આવેલી જીવનદીપ મંદબુદ્ધિ શાળામાં ઓટિઝમનો શિકાર બનેલ બાળકોને અને મંદબુદ્ધિ શાળાના વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સંસ્થામાં અને સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંસ્થામાં શારિરીક રીતે સક્ષમ ન હોય તેવા બાળકોને વિશેષ શિક્ષણ આપીને સમાજ જીવન માટે ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડવાનું કાર્ય કરવામાં આવી રહ્યું છે.

## ધાનેરામાં રખડતા ઢોરનો ત્રાસ વધતા પાલિકા ૧૩૮ આખલા પકડી પાંજરાપોળ મુક્યા

બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લા ના શહેરો માં રકગડતાં ઢોરો નો ત્રાસ જોવા મળી રહ્યો છે રખડતા આખલા લોકો ને પણ ઘાયલ કરી રહ્યા છે તો કેટલાક અસામાજિક તાવો ધ્વરા અબોલ પશુઓ ઉપર અત્યાચાર પણ કરવામાં આવી રહ્યાંઓ છે ત્યારે આ બાબતે ધાનેરા નાગર ના નગરજનો ધ્વરા ધાનેરા પાલિકા માં રખડતા ઢોર બાબતે રજૂઆત કરતા પાલિકા ધાનેરા માં રખડતા ૧૩૮ જેટલા આખલાઓને પકડી ધાનેરા ની મહાજન પાંજરાપોળ માં મુક્યા છે અત્યારે ધાનેરા માં રખડતા ઢોર નો ત્રાસ ઓછો થતા લોકો માં પણ ભારે ખુશી નો માહોલ જોવા મળી રહ્યો છે.

## મોડાસાના ત્રણ ગામમાં સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ અને ગ્રામજનોના સહયોગથી મફત નેત્ર નિદાન કેમ્પમાં ૯૫૮ દર્દીઓએ લાભ લીધો

મોડાસા, તા. ૨

મોડાસા તાલુકાના દધાલિયા, લીંભોઈ અને સાયરા ગામે રવિવારે સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ અને ત્રણે ગામના



ગ્રામજનોના સહયોગથી મફત નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દધાલિયા ગામના અને આજુબાજુ પંથકના ૩૭૫, લીભોઈમાં ૨૮૭ અને સાયરા ગામે ૨૮૮ જેટલા આંખના મોતિયાના રોગથી પીડાતા અને આંખની બીમારી ધરાવતા દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો.

લીંભોઈ, સાયરા અને દધાલિયા ગામ ખાતે યોજાયેલ મફત નેત્ર નિદાન કેમ્પમાં બારેજાની નવલભાઈ અને હીરાબા આંખની હોસ્પિટલ અને વિઝન સેન્ટર વાત્રક હોસ્પિટલના આંખના નિષ્ણાત તબીબોએ ઉપસ્થિત રહી આંખના રોગોથી પીડાતા દર્દીઓની તપાસ કરી સારવાર આપવામાં આવી હતી. ૩૫ દર્દીઓને નેત્રમણિ અને મોતિયાના રોગથી પીડાતા દર્દીઓ બારેજાની હોસ્પિટલમાં મફત ઓપરેશન કરી આપવામાં આવશે.

જરૂરિયાતમંદ દર્દીઓને મફત ચશ્માં અને દવાઓ આપવામાં આવી હતી. કેમ્પના આયોજકોએ જણાવ્યું હતું કે દ્રષ્ટિ ગુમાવી ચૂકેલા ગરીબ દર્દીઓ માટે આ કેમ્પ આશીર્વાદરૂપ સાબિત થયો હતો.

અન્નપૂર્ણા ટ્રસ્ટના અરૂણભાઈ શાહ, બિપિન શાહ, નિલેશ જોશી, સમતા ટ્રસ્ટના પ્રમુખ જીતેન્દ્ર શાહ અને દિલીપ જોશી, અશોક ત્રિવેદી, ભાવેશ ઉપાધ્યાયએ કેમ્પને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## પાલનપુરના રામપુરા (વડલા) ગામેથી ક્ષત-વિક્ષત હાલતમાં નરકંકાલ મળી આવતાં ચકચાર

પાલનપુર તાલુકાના રામપુરા (વડલા) ગામની સીમમાંથી ક્ષત-વિક્ષત હાલતમાં નરકંકાલ મળી આવ્યું હતુ. ગામના એક વ્યકિત કુદરતી હાજતે ગયા હતા. ત્યારે કુતરૂ માનવ ખોપડી લઈ આવતાં આ ઘટના બહાર આવતાં ચકચાર મચી જવા પામી હતી. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



## ધનસુરામાં વિદાય અને ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

ધનસુરા જે.એસ. મહેતા હાઈસ્કૂલ ઉચ્ચતર પ્રા.વિભાગમા ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો વિદાય, શુભેચ્છા અને ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. શાળામાં ચાલતી સહ અભ્યાસિક પ્રવૃતિમા વિજેતા વિદ્યાર્થીઓને તેમજ શાળામા લેવાતા પખવાડિક પરીક્ષામા ૪૦ માથી ૪૦ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ધોરણ-૮ના બાળકોનો વિદાય સમારંભ પણ યોજાયો હતો. આ કાર્યક્રમમા વિદ્યાર્થીઓના વાલીઓ તથા કેળવણી મંડળના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. સહુએ શાળાના આચાર્ય તથા શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## પાટણ જિલ્લામાં હથિયારબંધી ફરમાવાઇ

આગામી તા.૦૬/૦૪/૨૦૧૯ ના રોજ ચેટીચાંદ, તા.૧૪/૦૪/૧૯ ના રોજ ડાૅ. આંબેડકર જયંતિ તેમજ રામનવમી, તા. ૧૭/૦૪/૨૦૧૯ના રોજ મહાવીર જયંતિ, તેમજ તા. ૧૯/૦૪/૨૦૧૯ના રોજ ગુડફ્રાઇડેના તહેવારની ઉજવણી થનાર છે. તેમજ તેમજ રાજકીય સંગઠ્નો/સંસ્થાઓ દ્વારા વિવિધ કાર્યક્રમો થતા હોઇ આ કાર્યક્રમો દરમિયાન સરકારશ્રી વિરૂધ્ધમાં આક્ષેપો/પ્રતિ આક્ષેપો કરી આંદોલાત્મક કાર્યક્રમો/સરઘસ કાઢી/ભુખ હડતાલ કરી/રેલી કાઢી/આવેદનપત્ર આપવાથી પાટણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે હેતુથી પાટણના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી બી.જી.પ્રજાપતિએ હથિયારબંધી ફરમાવી છે.

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭(૧) મુજબ પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તા. ૦૧/૦૪/૧૯ ના ૦-૦૦ કલાકથી તા. ૩૦/૦૪/૧૯ના રોજ ૨૪-૦૦ કલાક સુધી બંને દિવસો સુધ્ધાંત નીચે મુજબના કૃત્યો કોઇપણ ઇસમને નહી કરવા ફરમાન કરાયું છે.

જે મુજબ શસ્ત્રો, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવા સામે, જલ?દી સળગી ઉઠે તેવા પદાર્થો બનાવવાની કે એકઠા કરવાની કે સાથે રાખી ફરવાનું કે કોઇપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઇ જવાનું, પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું, જુસ્સાદાર ભાષણ કરવાનું કે, નનામીઓ કે પૂતળા કાઢવાનું કે, ચાળા પાડવા કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરેલ તેવા ચિત્રો તૈયાર કરવાનું પ્રદર્શિત કરવા સામે, ધાર્મિક કે સામાજિક લાગણી દૂભાય તેવા સુત્રો પોકારવા સામે, અપમાન કરવાનું કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીય ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું, માણસનું મડદું આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવા સામે, નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવા સામે મનાઈ ફરમાવી છે.

## હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પરીક્ષાઓ સંદર્ભે પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરના વિસ્તારમાં પ્રવેશ પ્રતિબંધ

પાટણના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી બી.જી. પ્રજાપતિએ પાટણ જિલ્લામાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા તા. ૨૨.૦૩.૧૯ થી તા. ૨૬.૦૪.૧૯ દરમ્યાન વિવિધ પરીક્ષાઓ પાટણ જિલ્લાના કેન્દ્રો પર લેવાશે. પાટણ જિલ્લામાં આવેલ કેન્દ્રો પર લેવાનાર યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓનું પાલન સ્વાભાવિક રીતે શાંત અને સરળતાથી થાય તથા સદરહું પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓ શાંતિથી એખલાસભર્યા વાતાવરણમાં નિર્ભયતાથી કોઈપણ જાતની ગેરરીતિ કરવાના પ્રલોભનમાં દોરવાયા સિવાય પરીક્ષાર્થીઓ પરીક્ષા આપી શકે તેમ જ પરીક્ષાખંડમાં નિરીક્ષકો કોઈપણ જાતના ભય અને ત્રાસ વગર નિરિક્ષણ કાર્ય કરી શકે અને અશાંત પરિસ્થિતિ ઊભી થાય નહીં તે સારું પાટણ જિલ્લાના પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા માટે ઉપયોગમાં લેવાનાર તમામ મકાનો તથા તેના કમ્પાઉન્ડની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઇ અસામાજિક તત્વો કે અધિકૃત વ્યક્તિ કે વ્યક્તિઓ દાખલ થાય નહીં તે સારું ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ ૧૪૪ મુજબ પગલા લેવા માટે પુરતું કારણ છે અને તેમ થતું અટકાવવાનું તાત્કાલિક ઈચ્છનીય છે.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૪૪ મુજબ તારીખ ૨૨.૦૩.૧૯ થી તા. ૨૬.૦૪.૧૯ દરમ્યાન સવારે ૧૦.૦૦ કલાકથી સાંજના ૬.૦૦ કલાક સુધી પરીક્ષા માટેના તમામ પરીક્ષા કેન્દ્રો અને પરીક્ષાના સ્થળોના મકાનો તથા તેના કંપાઉન્ડની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોઇ અસામાજિક તત્વોએ અધિકૃત વ્યક્તિ કે વ્યક્તિઓ દાખલ થવું નહીં અને પરીક્ષાની કામગીરીમાં દખલગીરી કરવી નહીં.

સદરહું આદેશ પરીક્ષામાં બેસનાર પરીક્ષાર્થીઓને, પરીક્ષાની કામગીરીમાં રોકાયેલા અધિકારી-કર્મચારીઓને, પરીક્ષાની કામગીરી માટે અધિકૃત કરાયેલા કામગીરીમાં રોકાયેલા સરકારી અધિકારી-કર્મચારીઓને, જિલ્લા મેજીસ્ટ્રેટ-પાટણ, સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ-પાટણ, સિધ્ધપુર, સમી, રાધનપુર દ્વારા હુકમ કરવામાં આવે તેમને લાગુ પડશે નહીં. સદરહુ હુકમના કોઈપણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ શિક્ષાને પાત્ર થશે.

## અમદાવાદ ખાતે ૧૯મીએ રાજપૂત યુવા મેગા પરિચય મિલન કાર્યક્રમ યોજાશે

આગામી તા.૧૯ એપ્રિલ, શુક્રવારના રોજ અમદાવાદ ખાતે અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા ગિરાસદાર રાજપૂત યુવાન દિકરા, દિકરીઓને પસંદગીની વિશાળ તક પુરી પાડવા યુવા મેગા પરિચય મિલન-૨૦૧૯ કાર્યક્રમ યોજાશે. સમગ્ર કાર્યક્રમ સરદાર પટેલ મેમોરીયલ ટ્રસ્ટ, સર્કિટ હાઉસ પાસે, એરપોર્ટ રોડ, શાહીબાગ, અમદાવાદ-૪ ખાતે સવારના ૯ થી સાંજના ૬ સુધી યોજાશે.

મિલન કાર્યક્રમમાં માત્ર ગિરાસદાર રાજપૂત ક્ષત્રિયો (દરબાર) જ ભાગ લઈ શકશે તથા તે માટેના ફોર્મ્સ તા.૧૦-૪-૨૦૧૯ સુધીમાં ભરીને નીચે દર્શાવેલ સરનામે આપવાના રહેશે. વ્યક્તિદીઠ રૂ. ૨૦૦ રજીસ્ટ્રેશન ફી ભરવાની રહેશે. જેમના ફોર્મ્સ માન્ય થયા હશે તેઓને જાણ કરવામાં આવશે. દિકરા, દિકરીઓ સાથે વાલીઓએ આવવાનું ફરજીયાત છે. એકલા દિકરા, દિકરીઓ કે એકલા વાલીઓ આવી શકશે નહી. જેઓના દિકરા-દિકરીઓ વિદેશમાં હોય તેઓ સાબિતી આપશે તો માત્ર વાલીઓને પ્રવેશ મળશે. ફોર્મ મેળવવા તથા આપવાનું સરનામુ આ પ્રમાણે છે. બાશ્રી નયનાબા મહેન્દ્રસિંહજી જાડેજા ભવન, ભુદરપુરા રોડ, સી.એન. વિધાલયની પાછળ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૬. સંપર્ક નંબરો આ પ્રમાણે છે.(૧) ઈન્દ્રસિંહ રાણા-૯૯૦૯૫ ૯૭૦૯૫ (૨) ભરતસિંહ જાડેજા-૮૪૦૧૨ ૪૩૨૭૨ (૩) ઈન્દ્રસિંહ ચુડાસમા- ૮૧૨૮૨ ૯૪૨૯૯ (પશ્ચિમ) સ્થળ-કુળદેવી મંદિર, અસારવા, અમદાવાદ. સંપર્ક માટેના નંબરો - દિલીપસિંહ ઝાલા-૯૮૨૫૫ ૮૨૮૧૯ (૨) જયપાલસિંહ ચુડાસમા- ૯૭૨૫૭ ૦૯૩૭૦ (પૂર્વ) ઓનલાઈન સંપર્ક સુત્ર (૧) રૂપેન્દ્રસિંહ ઝાલા-૮૯૮૦૦ ૦૫૧૦૦ (૨) સંદીપસિંહ સિસોદીયા- ૯૭૨૫૧ ૯૪૧૫૭ http://bit.do/rajpitmegaparichay ઉપર સંપર્ક કરવા મુખ્ય આયોજન સમિતિના ડાૅ. જયેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું છે.